Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना शारीरमानसानेकातिकटुकदुःखोपनिपातपीडितेन तदपनयनाय हेयोपादेयपदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक ११ ] वीर संवत् २४४०, मागशर. आत्म. संवत् १८ [ अंक ५ मो.

॥ ॐ ॥

## आत्मधर्म—भावना.

( દોહરો. )

જે જિનરાજે વર્ણવ્યું, ધર્મતણું જે બીજ;
સમ્યગ્ ઘટમાં રોપીને, સેવ્યા કરો નકીજ...........૧
સેવ્યાંથી સેજે મીલે, મોક્ષ સફલ સુખદાઈ;
ભ્રાન્તિ મીટે ભવ ભ્રમણની, શાન્તિ લહે નૃ ત્યાંઇ........૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઢાળ.

### રાગ—પ્રભાતિ.

દાન શિયળ તપ ભાવના,
મોહન કથિત એ ધર્મ;
દક્ષ બની એ ચ્યારનું,
રટણ એ આતમ મર્મ......................૧

નામ સ્થાપના દ્રવ્ય છે,
નહિં ભા–વ વિણ કાંઇ;
જિન આગમ ભાખે સદા,
નેક નજર કરો ત્યાંઇ......................૨

વેળા જબ લાધી હવે,
લક્ષિત લક્ષ બનાવો;
ચંચળ લક્ષકથી હુવે,
દર્શન નિજ સ્વભાવો......................૩

ધર્મ વિના આ પ્રાણીઓ,
નરકાદિકમાં રોળાય;
જીવિત વ્યર્થ ગુમાવીને,
નાથ રહિત ગણાય......................૪

ઘણુંરે કહું શું હું હવે,
ટીકી જુઓ ઘટમાંહિ;
તરણ તારણ સહેજે મીલે,
પૂરણ બ્રહ્મ ઊત્સાહી......................૫

( જિજ્ઞાસુ ઊમેદવાર. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्रीमद् चिदानंदजी कृत पद.

## ભાવાર્થ સહિત.

(લેખક—મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.)

वस्तुगतें वस्तुको लक्षण, गुरुगम विण नहीं पावेरे ॥
गुरुगम बिन नवि पावे कोउ भटक भटक पर जावेरे. ॥ व० १ ॥
भवन आरीसे श्वान कूकरा, निज प्रतिबिंब निहारेरे ॥
इतर रूप मनमांहे विचारी, महा जुध्ध विस्तारेरे. ॥ व० २ ॥
निर्मल फिटक शिला अंतर्गत, करिवर लख परछांहिरे ॥
दसन तुराय अधिक दुःख पावे, द्वेष धरत दिलमांहिरे. ॥ व० ३ ॥
ससलो जाय सिंहकुं पकड्यो, दूजो दीयो देखाइरे ॥
निरख हरी ते जाण दूसरो, पड्या झंप तिहां खाइरे ॥ व० ४ ॥
निजछाया वेतालु भरम धर, डरत बाल चित्तमांहिरे ॥
रज्जु सर्प करी कोउ मानत, जौलों समजत नांहिरे. ॥ व० ५ ॥
नलिनी भ्रम मर्कट मूठी जिम, भ्रमवश अति दुःख पावेरे ॥
चिदानंद चेतन गुरुगम विन, मृगतृष्णा धरी धावेरे ॥ व० ६ ॥

ભાવાર્થ—યથાવિધિ વિનયવૃત્તિથી ગુરૂ મહારાજનું મન પ્રસન્ન કરી તેમની પાસેથી રહસ્ય મેળવ્યા વગર કોઇ પણ વસ્તુનું સ્વરૂપ યથાર્થ રીતે જાણી–સમજી શકાતું નથી. ચ્હાય તેટલો પ્રયત્ન કરી મરે પણ ગુરૂગમ મળ્યા વગર કંઈ દિવસ વળે નહિં. ૧

કોઇ મ્હેલમાં રાખેલા આરીસાની અંદર કૂતરા કે કૂકડા પોતાના જ પડેલા પ્રતિબિંબને જ્યારે જુવે છે ત્યારે તે આરિસામાં કોઇ અન્ય કૂતરો કે કૂકડો આવી ઉભેલો છે એવી કલ્પના કરી તેની સામે મહા યુદ્ધ મચાવે છે. ૨

કોઇ એક મહાન્ હસ્તી નિર્મલ સ્ફાટિકની શિલાની અંદર પોતાનું જ પ્રતિબિંબ પડેલું જોઇ તેમાં અન્ય હસ્તીની કલ્પના હાથે જ કરી લહી તેના ઉપર ભારે દ્વેષબુદ્ધિ દીલમાં લાવી પોતાના પ્રબળ દંતૂશળવડે તે શિલા સામે પ્રહાર કરી તે પોતે અત્યંત દુઃખી થઇ જાયછે. ૩

કોઇ એક વનમાં સિંહ બધા વનચર–જાનવરો ઉપર ત્રાસ વર્તાવતો હતો, તે જાણીને એક ચતુર સસલે તે સિંહની પાસે જઇ ફરીયાદ કરી કે અહીં એક બીજો સિંહ આવેલ જણાય છે. ભ્હેલા સિંહે તેની તલાસ કરવા તે સસલાને તેનું સ્થાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બતાવવા જણાવ્યું, એટલે એ ચતુર સસલો સિંહને જ સાથે લહી એક વિશાળ કૂવા આગળ આવ્યો, પછી ન્હેલા સિંહને સસલાએ એ કૂવાની અંદર પ્રતિબિંબ થયેલું એ સિંહને પોતાનું જ રૂપ બતાવ્યું એટલે ન્હેલા સિંહે કૂવાની અંદર પડેલા પોતાના જ પ્રતિબિંબને બીજો સિંહ કલ્પી લહી તેને મ્હાત કરવા માટે કૂદકો માર્યો અને પોતાના પ્રાણ અંતે ખોઇ બેઠો. ૪

અણસમજણમાં બાળકો પોતાની છાયાને ભુત–વેતાલ માની લહી ભયભ્રાંત થઇ દુઃખી થાય છે, તેમજ કેટલાક મુગ્ધ જનો અંધકારાદિકથી રાંઢવું પડેલું દેખી તેને ભ્રાંતિથી સર્પ માની લહી ભયભીત બની જાય છે. ૫

વળી પોપટને પકડવાને વૃક્ષ ઉપર પાશ રૂપે જે યંત્ર ગોઠવી રાખવામાં આવે છે તે ઉપર ભ્રાંતિથી બેસવા જતો પોપટ સપડાઇ જાય છે તેમજ જ્ઞાનાનંદી આત્મા ગુરૂની સંગતિ વગર કૃત્રિમ સ્વરૂપને પોતાનું માની મૃગજળ ધારીને દોડતા મૃગની પેઠે ભટક્યા કરે છે. ૬

ॐ वंदे वीरम्.

# जीवानुशास्ति कुलक.

## ( મૂળ અને ભાષાંતર. )

रे जीव किं न बुज्झसि, चउगइ संसार सायरे घोरे;
ज्झमीयो अनंत कालं, अरहट्ट घडिव्व जलमझ्झे. ( १ )

ભાવાર્થ—હે જીવ! ચાર ગતિરૂપી ભયંકર સંસાર સાગરમાં તું અનંતકાલ પર્યંત જળ મધ્યે અરહટ્ટ ઘટિકાની જેમ ભમ્યો તો પણ હજી કેમ બુઝતો નથી? (૧)

रे जीव चिंतसि तुमं, निमित्तमित्तं परो हवइ तुज्झ;
असुह परिणाम जणियं, फलमेयं पुव्वकम्माणं. ( २ )

ભાવાર્થ—હે જીવ! તું ખોટા સંકલ્પ વિકલ્પ શામાટે કરે છે? તુજને જે લાભ હાનિ થાય છે, તેમાં બીજા તો ફક્ત નિમિત્ત માત્ર થાય છે. એ તો પૂર્વે ઉપાર્જન કરેલા કર્મોનુંજ પરિણામ પામેલું ફળ છે, એમ સમજ અને રાગ–રોષ તજી સમભાવ ધારણ કર. ( ૨ )

रे जीव कम्म जणिअं, जवणसं कुणसि मूढ विवरीअं;
दुग्गय गमण मणाणं, ए सच्चिय हवइ परिणामो. ( ३ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવાર્થ—હે મૂઢ જીવ! તું કર્મના ભારે ભર્યો છતો ગુરૂ ઉપદેશને વિપરીત કરે છે, અર્થાત્ ગુરૂ ઉપદેશથી અવળો ચાલે છે અથવા દુર્ગતિમાં જવા ઇચ્છાવાળાનો એવોજ પરિણામ હોય છે, એમ સમજી ગુરૂ ઉપદેશને આધીન થઈ સન્માર્ગે ચાલ. (૩)

रे जीव तुमं सीस, सवणा दाऊण सुणसु मह्वयणं;
जं सुखं नइ पाविसि, ता धम्म विवज्जिओ नूणं. (४)

ભાવાર્થ—હે જીવ! તું નમ્રપણે કાન દઇને મારાં વચન સાંભળ. તું નિશ્ચયે ધર્મ વિકળ હોવાથી જ સુખ પામતો નથી, માટે પ્રમાદ રહિત ધર્મનું સેવન કર જેથી તું સુખી થઇ શકે. (૪)

रे जीव मा विसायं, जाहि तुमं पिच्छिऊण पररिध्धि;
धम्म रहियाण कुत्तो, संपज्जइ विविह संपत्ती. (५)

ભાવાર્થ—હે જીવ! તું પારકી રિદ્ધિ જોઇને ખેદ ના કર. અરે! ધર્મ રહિતને વિવિધ સંપત્તિ શી રીતે સાંપડે? એનો વિચાર કર. અને એક નિષ્ઠાથી ધર્મસાધન કરવા ઉજમાલ થા! ખાલી ખેદ કરવા માત્રથી કશું વળવાનું નથી. (૫)

रे जीव किं न पिच्छसि झिज्जंतं, जुव्वणं धणं जीअं;
तहविहु सिग्घं न कुणसि, अप्पहियं पवर जिणधम्मं. (६)

ભાવાર્થ—હે જીવ? જોતજોતામાં આ તારૂં યૌવન જતું રહેતું શું તું દેખતો નથી? તેમ છતાં તું શ્રેષ્ઠ જિનધર્મનું સેવન કરી શીઘ્ર આત્મહિત કરતો નથી, એ અત્યંત અનુચિત કરે છે. (૬)

रे जीव माणवज्जिअ, साहस परिहीण दीण गयलज्ज;
अथ्थसि किं विसथ्थे, नहु धम्मो आयरं कुणसि. (७)

ભાવાર્થ—હે જીવ? માનહીન? સાહસિકપણાથી રહિત? દીન અને લજ્જા રહિત એવો તું કેમ નિશ્ચિંત થઇ બેઠો છે? ધર્મસાધન કરવા લગારે દરકાર કરતો નથી! તારૂં શું થશે? (૭)

रे जीव मणुयजम्मं, अकयथ्थं जुव्वणं च वोलीणं;
नय चिन्नं उग्गतवं, नय लच्छी माणिआ पवरा. (८)

ભાવાર્થ—હે જીવ! આ મનુષ્ય જન્મ તેં એળેજ ગુમાવ્યો. તારૂં યૌવન ચાલ્યું ગયું છતાં તેં ઉગ્ર તપ કર્યો નહિ, તેમજ સારી લક્ષ્મી પણ સંપાદન કરીને ભોગવી નહિ. (૮)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



रे जीव किं न कालो तुज्ज गओ परमुहं नीयंतस्स;
जं इच्छियं न पत्तं, तं असिधारा वयं चरसु. (९)

ભાવાર્થ—હે જીવ? પારકી ઓશિયાળી કરતાં તારો કેટલો કાળ ગયો? છતાં તને ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થઇ નહિ તો હવે તું ખડ્ગની ધારા જેવાં ઉગ્ર વ્રત આચર. (૯)

इय मा मुह सुमणेणं, तुज सिरी जा परस्स आइत्ता;
ता आयरेण गिन्हसु, संगोय विहिपयत्तेण. (१०)

ભાવાર્થ—હે જીવ! આ સ્વપ્ન જેવા દેખાતાં સુખ વડે કરીને તું મુંઝાઇ જઇશ નહિં કેમકે એ સુખ પરાધીન છે. માટે તું યથાવિધ પ્રયત્ન વડે સદાચારનું આદર સહિત સેવન કર, એજ તને કલ્યાણકારી છે. (૧૦)

जीवं मरणेण समं, उप्पज्जइ जुव्वणं सह जराए;
रिद्धि विणासहिआ, हरिस विसाओ नय कायव्वो. (११)

ભાવાર્થ—હે જીવ? જીવિત મરણની સાથે સંધાએલું છે. યૌવન જરા સાથે સંધાયેલું છે. રિદ્ધિનો સંજોગ–વિજોગ સાથે સંધાયેલો છે, એટલે જે જન્મે તે મરેજ, યાવત્ સંયોગનો વિયોગ થાયજ. એમ સમજી હર્ષ–વિષાદ તારે કરવો યોગ્ય નથી. મતલબ કે તારે સમ સર્વત્ર સમભાવિત થવું ઘટે છે. શાશ્વત સુખ પામવાનો એજ અમોઘ ઉપાય છે. (૧૧) ઇતિશમ્

લેખક,
**મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.**

લેખક:—મુનિ મણિવિજયજી મુ. લુણાવાડા.

## मात्सर्यतोऽपि धर्मः

**હે શાસન પ્રેમી!** મત્સર—આ શબ્દ ઘણોજ કઠોર અને ખરાબ છે અને તે શબ્દ જે માણસની ચિત્ત વૃત્તિના અંદર રમી રહેલો છે, તે માણસે તે શબ્દના બહાના થકી અંતરમાં દુર્ગતિ વિષે પડવા માટે સંપૂર્ણ અભિલાષા કરેલી છે તેમ ચોક્કસ જાણવું.

**મત્સર**—એટલે ઇર્ષ્યા અદેખાઇ તેનું નામ મત્સર કહેવાય છે અર્થાત્ ગુણી માણસોના ગુણને દેખી ઉત્તમ માણસો તેનો પક્ષપાત તથા તેના સાથે પ્રીતિ કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનું બહુમાન કરે છે. તેની ઉન્નતિ બહુમાનને દેખીને રાજી થવાને બદલે બળી મરવું, સહન નહિ કરવું તેને શાસ્ત્રકાર મત્સર ( ઇર્ષ્યા ) કહે છે.

**વિવેચન**--હે મહાનુભાવ ! એટલું તો સર્વ કોઇના જાણવામાં હશે કે, ગુણી મનુષ્ય સર્વને પ્રિય હોય છે. તેનું કારણ એ છે કે લોહચુંબક પદાર્થ જેમ લોખંડને આકર્ષણ કરે છે, તેમ ગુણી માણસોના ગુણ સજ્જન અને ડાહ્યા પુરૂષોનાં અંતઃકરણને પોતાના તરફ આકર્ષણ કરે છે. પણ ગુણીના ગુણને નહિ ઓળખી શકનાર અથવા તો સજ્જનની ઉન્નતિને નહિ સહન કરનાર માણસ ઇર્ષ્યાગ્નિમાં બળી જઇને પાપ પિંડમાં ડુબી જાય છે. સર્વે મનુષ્યોને જીતી શકાય છે તેમજ વશ કરી શકાય છે, પરંતુ ઇર્ષ્યાગ્નિથી જે માણસ રાત્ર દિવસ બળતોજ રહે છે તેને વશ કરવો તો દુર રહ્યો, પરંતુ સમજાવી શકવો પણ મહા દુર્લભ છે.

હે ભવ્ય બાંધવ ! આ હુંડાવસર્પિણી હડહડતા મહા દુષમ કાળમાં અન્ય વર્ણોમાં ગમે તે પ્રકારે હોય પરંતુ તે તરફ આપણે દ્રષ્ટિ નાંખવાની જરૂર નથી. આપણા ઘરની અંદર જે ઈર્ષ્યાગ્નિનો જબરો ભડકો થયેલો છે, તેના તરફ દ્રષ્ટિ દેવામાંજ આપણને મહા ફાયદો છે. જૈન કોમના અંદર તીર્થંકર મહારાજાયે શ્રી ચતુર્વિધ સંઘ કહેલો છે; અને તેમાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાનો સમાવેશ થાય છે તેજ શ્રી સંઘની આધુનિક સમયને વિષે ઠેકાણે ઠેકાણે પાયમાલી થયેલી જોવામાં આવે છે. આનુ મુખ્ય કારણ લાંબી દૃષ્ટિથી તપાસવા જશું તો તેના કારણમાં આપણેજ (એટલે શ્રી સંઘજ ) છીએ. ત્યાગીઓ ત્યાગીઓની ખોડખાંપણ કાઢી અવર્ણવાદ બોલે પણ તેમને ખબર નથી કે આપણે બીજાની ખોડખાંપણ કાઢી નિંદા કરીએ છીએ, તેજ આપણી મોટી ભૂલ છે. કારણકે સર્વ ગુણી વીતરાગ છે, અને તે તો સર્વ ગુણી પણું આ દુષમ કાળને વિષે અત્યારે આપણામાં નથી ત્યારે ફોગટના શું કામે બીજાના અવર્ણવાદ બોલી ભારે થવું જોઇયે ? પોતાના મનને કોઇ સારો માનતો હોય તો સારાપણું દુનિયાના લોકોને દેખાડી પછી મૂછો મરડાતી હોયતો પરમ શ્રેષ્ટ છે; તે તો પોતાની સત્તા નથી ને પારકાના દુષણો દેખી તેના અવર્ણવાદ બોલી તેના આત્માને કર્મ થકી હલકો કરી ( કારણકે બીજાની નિંદા કરવાથી જો તે માણસ શાંત સ્વભાવવાળો થઇ નિંદાને સહન કરે તો કર્મની નિર્જરા કરવાવાળો થાય છે. ) આપણા આત્માને પાપ થકી ભારે કરવા જેવું છે, અને આથી કેવું ઉખાણું આપણને લાગુ પડે છે કે, મા માતાને છોડી મીંદડી ( બીલાડીને ) સ્તનપાન કરવા જેવું થાય છે તે બરાબરજ છે. મતલબ એ છે કે, આપણા અંદર હજારો દુર્ગુણો ભરેલા હોય અને તેને ભુલી જઇ બીજાના અવર્ણવાદ બોલવા--આ આપણા ત્યાગીયોને લાયક નહિ.

એક બાજુ આપસ આપસમાં ત્યાગીઓની ધમાલ ચાલે ત્યારે બીજી બાજુ આપણા વિનય અને વિવેકવંત તેમજ એકવીશ શ્રાવકના ગુણોનું પાંત્રીશ માર્ગાનુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારિના ગુણોના ધારણ કરવાવાળા શ્રાદ્ધ વિધિ શ્રાદ્ધ દિન કૃત્ય ગ્રંથોના લખાણને અનુસારે ચાલનારા શ્રાવક વર્ગ પણ ત્યાગીઓના અવર્ણવાદ અને નિંદાને વિષે ઉતરી પડયા છે. તેઓ સાહેબો ( અમારા નહિ પણ જેના હોય તેના ) એમ બોલે છે; કયાં છે આ કાળમાં સાધુપણું ? કયાં છે સાધુપણાના ગુણો ? આગળના જેવા ચમતકારી મહાત્મા કયાં છે? આવી રીતે બોલી ત્રણેત્રણ વચન રૂપી ગુલાલ અબીલને ઉડાડી દુનિયામાં પોતાનું દોઢ ડાયાપણું પ્રકાશ કરી મૂછો મરડતા અભિમાનના પુતળા થઇ ભૂમિથી ચ્યાર ચ્યાર આંગુલ ઉછળતા ચાલેછે પરંતુ તે બિચારા એટલો વિચાર પણ નથી કરતા કે અરેરે દુષમકાળનું પણ ત્યાગીપણું કયાં અને કયાં આપણું સંસારીપણું ? ત્યાગીઓનું ષટ્કાય રહિતપણું કયાં અને કયાં આપણું ષટ્કાય રૂપી કાદવમાં ડુબવાપણું ? દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ દ્રષ્ટાંતે જેવો ક્ષયોપશમ હોય તેવું તેમનું જ્ઞાન કયાં ને કયાં આપણું ! ભાષાના પત્રો, પંચાંગો, માસિકો, ચોપાનીયા વાંચી ઉપરના ડોળનું પોપટ પેઠે તડાકીપણું કયાં ? સર્વ વિરતિ પણું અને કયાં સર્વ રાગી પણું? આવો વિચાર કરે તો તો ચક્ષુ ઉઘડે, પણ ચક્ષુ ઉઘડે તો રીતિસર વર્ત્તવું પડે અને તેમ કરેતો જે ભાઇ કહેવાતા હોય તે મટીને બાઇ થઇ જાય, માનપાન ઓછું થઇ જાય તે તે કેમ નભે ? જે મુખે પાન આવેલ હોય તે મુખે, આવળ ચાવે તો તો ઉપાધિ થઇ જાય ! ઠીકજ છે. જો કે દુષમકાળને લઇને પ્રથમના માફક સંયમ નથી તોપણ વીરપરમાત્માના વચનો ગૌતમ સ્વામી પ્રત્યે એવા પડેલા છે કે એકવીશ હજાર વર્ષ પર્યંત મ્હારૂં શાશન અવિચ્છિન્નપણે ચાલશે. મ્હારી પછાડીની સંતતિ રાગી દ્વેષી થશે તે પ્રમાણેજ બન્યું જાય છે તોપણ ધન્ય છે ત્યાગીયોને કે એટલું પણ પાળી શકે છે. મ્હારા વહાલા શ્રાવકોથી એમાંનું કાંઇ પણ પાલી શકાતું નથી, ત્યારે તો મૌનપણું અંગીકાર કરવું તેજ મને તો સારભૂત લાગે છે, પછી તો તેમની ઇચ્છા.

છતાં પણ પોતે ગુરૂપણું અંગીકાર કરી વીરના કહ્યા મુજબ પાલશે કરશે ને કરી દેખાડશે તો ઘણા માણસો સુધરશે. ત્યાગીયો પણ તેમના જેવા સિંહ થશે તે સર્વ લાભ વ્રત આદરી માર્ગે ચડાવનાર મહાપુરૂષનેજ મળશે.

અમારા ભવ્ય બાંધવોથી ઉપર પ્રમાણે તો બનવું ઘણુંજ મુશ્કેલ છે ત્યારે તો હવે શાંતિ રાખી કોઇના અવર્ણવાદ નહીં બોલતા પોતાના સ્વભાવને વિષેજ જાગી રહેવું, તેજ શ્રેષ્ઠ છે છતાં પણ શ્રેણિક મહારાજની સમગ્ર રોમરાજિમાં **વીર વીર વીર** શબ્દ વસી રહ્યા હતા તેમજ આપણા માનવાલા શ્રાવકોના હૃદયમાં આ કાળમાં સાધુપણું નથી, આવા શબ્દો વસીજ રહ્યા હોય તો રહેવા દો. આ ભવના અંદર તેઓ સાહેબોને નાસ્તિકનું ચાંદ તથા અવર્ણવાદ બોલવાથી અપમાન અને તિરસ્કારનો લાભ મોટામાં મોટો ઘણીજ ખુશીની સાથે પ્રાપ્ત થશે તથા પરલોકના અંદર (સાધુ નથી તેના વ્યાજમાં) દુર્ગતિ જેવી મહા સારામાં સારી અને પલ્યોપમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા સાગરોપમના ઉંચામાં ઉંચા સુખના આસ્વાદ કરાવનારી પરમાધામીના હસ્ત કમળની સુખડી મળશે અને ગુરૂ નિંદા ઇર્ષ્યા અવર્ણવાદથી બોધિ દુર્લભતાની પ્રાપ્તિ કદાચ થઇ જાય તો વળી વ્યાજનું પણ વ્યાજ કહેવાશે અને પરના અંદર પ્રવેશ કરનારને ઘણુંજ ગુણકારી થશે.

હે મહાનુભાવ! ત્હારા મનમાં ગર્વ હશે કે હું આવો ને હું સારો અને ફલાણો તેવો અને ખોટો જોકે આતો ત્હારાજ માનવામાં છે, પણ ડાહ્યા માણસો માણસોના વચન ઉપરથી તુલના કરી કાઢે છે કે આ માણસ શા આશયથી બોલે છે; જો સાંભળ; કોઇ માણસ સારો હોય તેને કોઇ ખોટો ભલે કહે પણ દુનિયા તેને સારોજ કહે છે, ખોટો કહેતી નથી તેનું કારણ એછે કે સારા માણસોની ચાલચલગત તથા રહેણી કહેણી તથા વચનો બહુજ પ્રશંસાપાત્ર હોય છે; તેથીજ સારો કહેછે પણ ત્હારા કહેવાથી ખોટો થતો નથી ને ખોટો હોય તેને કોઇ સારો પક્ષપાતથી કહે, તો તે સારો કહેવાતો નથી. કારણ કે તેના દુર્ગુણો જગતના હૃદય રૂપી આરિસામાં (દર્પણમાં) પ્રસિદ્ધપણે પ્રતિબિંબ પડેલા હોય છે, માટે ખોટોજ કહેવાય છે. માટે હે મહાનુભાવ! આ તને ઇર્ષ્યાનું જે ચેટક વળગેલું છે તેને સાધુપણું છે એવા મંત્રાક્ષરથી દુર કર કે જરા માણસાઇની અંદર આવે.

એક બાજુ આપણા પરમ પૂજ્ય તીર્થંકર મહારાજ તણા ગણધર મહારાજ તથા આચાર્ય મહારાજ અને ત્યાગીઓ એવો ઉપદેશ આપે છે કે ઇર્ષ્યા ત્યાગ કરવી તેજ મનુષ્ય જન્મનું સાર્થક છે પણ ઇર્ષ્યા કરી બળી જવાથી નર્ક ભૂમિ ઇર્ષ્યા કરનારની રાહ જોઈ ઇર્ષ્યા કરનારને વધાવી લેવા તત્પર થઇ રહી છે. કહો ત્યારે કયાં છે વીતરાગ મહારાજની આણા અને કયાં છે ઇર્ષ્યા કરનારની પવિત્રતા ?---

હે સજ્જન! તું શું નથી સમજતો કે ત્યાગી હોય તો પણ કિંવા અને સંસારી હોય તોપણ શું ઇર્ષ્યાથી દાન આપેલ હોય તે પણ નિષ્ફળ થાય છે. તપ કરેલો પણ નિષ્ફળ થાય છે. ભાવના ભાવેલી હોય તે પણ નિષ્ફળ થાય છે. મુક્તિને આપનારા કાર્યો પણ ઇર્ષ્યા કરવાથી નિષ્ફળ થાય છે. તો હે મહાનુભાવ! કયા ભવને માટે તું ઇર્ષ્યાની એકસોને આઠ મણકાની નહિ પણ એક હજારને આઠ મણકાની મોટી માળા લઇને બેઠો છે! ઇર્ષ્યા કેવળ ભવ વૃદ્ધિ કરાવનારી છે માટે તેનાથી મુકત થા.

ઇર્ષ્યા કોઇ દિવસ કોઇપણ પ્રાણિને લાભદાયક થતી નથી તેમાં પણ પ્રથમ ખરાબ અને પછાડી સારા એવા કોઇ હલુકર્મી જીવને ઇર્ષ્યા ધર્મ કરાવવાવાળી થાય છે. સ્થુલિભદ્રના ઉપર ઇર્ષ્યા કરનાર સિંહગુફાસ્થાયિ સાધુના પેઠે અથવા કુરગડુ મુનિ ઉપર ઇર્ષ્યા કરનાર ચ્યાર તપસ્વી સાધુની પેઠે. તેમાં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## सिंहगुफास्थायिसाधु दृष्टांत.

**ભાવાર્થ**—સિંહ ગુફાના ઉપર રહેલા સાધુએ સ્થુલિભદ્ર ઉપર ઇર્ષ્યા કરી તે દ્રષ્ટાંત નીચે મુજબ છે.

## द्रष्टांतो यथा.

**શ્રી સંભૂતિ વિજય નામના** જ્ઞાનવડે કરી મહાબલિષ્ટ એવા આચાર્ય મહારાજની આજ્ઞા લઇ જ્યારે સર્પ બીલના ઉપર ૧ કૂવાના ભાર પટ્ટ ઉપર (કૂવાના મધ્ય ભાગે રહેલા કાષ્ટ ઉપર) ૨ તથા સિંહ ગુફાને નાકે (સિંહને જાવા આવવાના દ્વાર સન્મુખ આગળ) ૩ ત્રણ સાધુઓયે જ્યારે ચતુર્માસ વહન કરવાની ગુરૂ મહારાજ પાસે આજ્ઞા માગી તે તેમને ગુરૂ મહારાજે આપી ત્યાર બાદ મહા ત્યાગી વૈરાગી જિતેંદ્રિય શિરોમણિ **શ્રી સ્થુલિભદ્ર મહારાજે** વેશ્યા કે જે પૂર્વે વ્રત અંગીકાર કર્યા પહેલા બાર વર્ષ કોશાને ઘરે પોતે રહેલા હતા તે વેશ્યાને ઘેર જઇ તેની ચિત્રશાળાના અંદર રહી ષટ્રસના આહાર કરી ચતુર્માસ અતિક્રમણ કરવાની ગુરૂ મહારાજ પાસે આજ્ઞા માગી ત્યારે ગુરૂ મહારાજે જ્ઞાનોપયોગથી લાભ જાણી તેમ કરવાની રજા આપી; ત્યાં જઈ વેશ્યાની ચિત્રશાળામાં ઉતરી ષટ્રસના આહારાદિકને ગ્રહણ કરતા ધર્મ ધ્યાનમાં કાળ નિર્ગમન કરવા લાગ્યા; એવા અવસરે વેશ્યા સ્થુલિભદ્ર મહારાજને પૂર્વના હાવભાવનાટારંભ તથા શૃંગારથી અનેક પ્રકારે ચળાવવા લાગી પરંતુ જેણે સર્વથા કામને બાલી ભસ્મીભૂત કરેલો છે એવા સ્થુલિભદ્ર મહારાજ તેના હાવ ભાવથી લેશ માત્ર પણ ડગ્યા નહિ પણ વેશ્યાને પ્રબોધ કરી વિષય વાસના થકી મુક્ત કરી ધર્મ માર્ગમાં સ્થાપન કરી ગુરૂ મહારાજ પાસે આવવા નીકલ્યા તેવા અવસરે સર્પબીલ કૂપભારપટ્ટ અને સિંહગુફાવાસી ત્રણે સાધુ ગુરૂમહારાજ પાસે આવ્યા તેથી ગુરૂએ કહ્યું કે અહો તમોએ દુષ્કર કામ કર્યું; આવી રીતે કહી સુખ શાતા પુછી ત્યાર બાદ હસ્તિની પેઠે ગાજતા સ્થુલિભદ્ર ગુરૂ મહારાજ પાસે આવ્યા તેમને દેખી ગુરૂ મહારાજે ઉભા થઇ કહ્યું કે અહો તમોયે દુષ્કર દુષ્કર કામ કર્યું છે! તમોને સુખશાતા છે? આવા પ્રકારના ગુરૂ મહારાજના આદરમાન દેખવાથી સિંહગુફાવાસી સાધુને ઇર્ષ્યા ઉત્પન્ન થઇ કે અહો મહા આશ્ચર્યની વાત છે વેશ્યાના ઘરને વિષે તેની ચિત્રશાળામાં રહી ષટ્રસ ભોજન કરી ચતુર્માસ કર્યું તેમાં ગુરૂ મહારાજ દુષ્કર દુષ્કર કહેછે તે કેવળ શકટાલ મંત્રિના પુત્ર સ્થુલિભદ્ર છે તેથીજ મંત્રિ પુત્ર જાણીને પક્ષપાત કરી માન આપેલું છે; ખરૂ દુષ્કર કાર્ય તેણે કર્યું લાગતું નથી પણ સિંહની ગુફાના દ્વાર પાસે રહી ચ્યાર માસની તપસ્યા કરી અમારા તપ ધ્યાનથી હિંસક એવા સિંહને વશ કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુશળતાયે ઇહાં પહોચ્યો છતાં પણ ગુરૂ મહારાજે દુષ્કર દુષ્કર કહ્યું નહિ તે કેવળ પક્ષપાતજ છે; આવતે ચતુર્માસે આપણે પણ વેશ્યાને ઘરે ચતુર્માસ કરી દુષ્કર દુષ્કરની પદવી મેળવીશું.

આવી ધારણા કરી મહા દુઃખે આઠ માસને વ્યતીત કરી સ્થુલિભદ્ર મહારાજ ઉપર ઇર્ષ્યા કરતો સિંહ ગુફા સ્થાપી સાધુ ગુરૂ મહારાજ પાસે આવી કહેવા લાગ્યો કે વેશ્યાને ઘરે ચતુર્માસની આજ્ઞા આપો; ગુરૂ મહારાજે તેને ઉત્પન્ન થયેલી ઇર્ષ્યા જાણી તથા જ્ઞાન ઉપયોગથી વ્રતનો ભંગ જાણી કહ્યું.

यतः

गुरुरूचेऽमुनाऽज्ञावी भ्रंशः प्राक् तपसोऽपिते;
आरोपितोऽतिज्ञारोहि, गात्रभंगाय जायते. ॥ ९ ॥

ભાવાર્થ– ગુરૂ મહારાજે કહ્યું કે તું ત્યાં ચતુર્માસ કરવા જવા માટે તત્પર થયેલો છે પણ તેમ કરવાથી પૂર્વે કરેલી તપસ્યા તથા વ્રતનો ભંગ થશે કારણ કે ઉપાડવાની શક્તિથી વિશેષ ઉપાડેલો ભાર શરીરના નાશ કરવાવાળો થાય છે તેમ આ અવસરે ત્હારી શક્તિ ઊપરાંત કાર્ય કરવા માટે (વેશ્યાને ઘરે જવા માટે) રજા લેવા આવેલો છે તે ત્હારા તપ જપ સંયમને હાનિ કરવાવાળો થશે માટે ત્યાં જવું છોડી દે વળી પણ કહ્યું;

यतः

मुणिवूढोसीलजरो, विसयपसत्तातरंतिनोवोढुं;
किंकरिणोपल्लाणं, उव्वोढुंरासहोतरइ.

**ભાવાર્થ**—મુનિયોએ સહન કરેલો શીયલ રૂપી ભાર ( મહા પર્વત ) તેને વિષયને વિષે લોલુપ એવા પ્રાણિયો વહન કરી શકતા નથી હસ્તિના પીઠના ઉપર રહેલો પલ્લાણનો ભાર તેને ગધેડો શું ઉપાડી શકશે, ? નહિ નહિ, કોઇ દિવસ તેમ થનારૂંજ નથી. તેમ હે મહાભાગ ! સ્થુલિભદ્રે જે દુષ્કર કાર્ય કર્યું છે તે ત્હારાથી બીલકુલ થવાનું નથી.

આવી રીતે ગુરૂએ નિષેધ કર્યા છતાં પણ ગુરૂ વચનને અવગણી કોશાને ઘરે ગયો ત્યાં તેની ચિત્રશાળા–વાસ કરવાને માટે માગી તેના અંદર રહ્યો ને ષટ્રસનો આહાર કરી વિચરવા લાગ્યો તે અવસરે સ્થુલિભદ્રના પેઠે પરીક્ષા કરવા માટે વેશ્યા સોલ શ્રૃંગાર સજી હાવભાવને કરતી કટાક્ષને ફેંકતી ચિત્રશાલાને વિષે આવીને લાવણ્યના સમુદ્ર સરખી તથા મહામનોહર વસ્ત્રાલંકાર આભૂષણોયે સુશોભિત તથા કટાક્ષને મુકનારી તેણીને દેખવાથી તુરત ક્ષોભને પામ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यतः

तावदेवकृतिनामपि स्फुरत्येष निर्मलविवेकदीपकः
यावदेव न कुरंगचक्षुषां, ताड्यतेचटुललोचनांचलैः ॥ १ ॥

**ભાવાર્થ**—ત્યાં સુધીજ પંડિતોને વિષે દીપક ( દીવો ) સ્ફુરણાયમાન થયા કરે છે ( બલ્યા કરે છે ) કે જ્યાં સુધી મૃગલાના સમાન ચંચલ નેત્રવાલી સ્ત્રીઓના મનોહર અને વક્ર [ વાંકા ] કટાક્ષના છેડાવડે કરી તાડના કરાતો નથી. અર્થાત જ્ઞાની નું જ્ઞાનપણું પણ ત્યાં સુધી રહે છે અને વિવેકપણું ત્યાંસુધીજ રહે છે કે જ્યાં સુધી સ્ત્રીઓના કટાક્ષપાતો પોતાના ઉપર આવી પડતા નથી; જ્યારે સ્ત્રીઓ કટાક્ષને છોડે છે તે વખતે અવસરે જ્ઞાની ધ્યાની માની સર્વે તેના કટાક્ષને વિષે સ્વાહા થઇ જાય છે અર્થાત્ હીનસત્વ થઇને તેને વશવર્ત્તિ થાય છે.

આવી રીતે ચલાયમાન ચિત્તવાળો-થઈ કામબાણથી વિંધાઇ જઇ વિષયને માટે વેશ્યાની પ્રાર્થના કરવા લાગ્યો ત્યારે વેશ્યાયે કહ્યું કે વેશ્યાઓતો કેવલ પૈસા-નેજ આધિન હોય છે અર્થાત્ અમારો સ્વભાવ એવો છે કે પૈસા આપે તેનેજ વશ થઇએ પણ બીજાને વશ થઇએ નહિં; આવું સાંભલી મુનિ બોલ્યો.

यतः

व्यहार्षीन्मुनिरप्येवं, प्रसीदमृगलोचने;
अस्मासुन्नवतिद्रव्यं, किंतैलंवालुकास्विव.

**ભાવાર્થ**—તે વારે સાધુએ કહ્યું કે હે મૃગલોચને ( મૃગલાના સમાન નેત્ર-વાલી )! મ્હારા ઉપર પ્રસન્ન થા ? જેમ વેલુને વિષે તેલ તેમ અમારે વિષે [ અમારા પાસે ] પૈસા શું હોય છે ! અર્થાત્ વેલુમાં તેલ જેમ નથી તેમ મ્હારા પાસે પૈસા નથી માટે રાજી ખુશી થઇ મ્હારી ધારણા પૂર્ણ કર.

ત્યાર બાદ તેને બોધ કરવા માટે વેશ્યાયે કહ્યું કે તમારે જો મ્હારા સાથે સંબંધ કરવાની અભિલાષા હોય તો દ્રવ્ય લાવો ત્યારે સાધુએ કહ્યુ કે તે દ્રવ્ય કયાં મળે છે! વેશ્યાયે કહ્યું કે નેપાળ દેશનો રાજા રત્ન કંબલ આપે છે તે લાવો; વેશ્યાના વચનથી ચોમાસાના ભર વરસાદમાં કર્દમ (કાદવ) તથા નીલફુલ વનસ્પતિ કાયની વિરાધના કરતો માર્ગને વિષે પાણી કાદવમાં સ્ખળના પામતો પડતો આખડતો દુઃખી થતો ચાલ્યો; કહ્યું છે કે

यतः

नमातरंनपितरं, नस्वसारंनसोदरं;
गुणैः संपश्यतितथा, विषयान्विषयीयथा. ॥ २ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**—વિષયી માણસ જે પ્રકારે વિષયોને દેખે છે તે પ્રકારે ગુણોને દેખતો નથી અર્થાત્ જેવી રીતે વિષયોને વિષે જે ગુણો માને છે તેવી રીતે ગુણ યુકત માતા પિતા બેન ભાઇને દેખતો નથી કિંબહુના! માન અપમાન લક્ષ્મી પ્રાણને પણ જોઇ શકતો નથી.

હવે નેપાળ દેશને વિષે જઇ રાજા પાસેથી રત્ન કંબલ લઇ પાછો વલ્યો તેવામાં માર્ગને વિષે ચોરો મલ્યા તેમણે શકુનથી જાણ્યું કે લક્ષ આવે છે અર્થાત્ તે રત્ન કંબલનું મૂલ્ય લક્ષ હતું તે જાણવાથી મુનિના સમગ્ર અંગનો તપાસ કરવાથી રત્ન કંબલ જાણી લઇ લેવા માંડયા પણ વેશ્યા માટે લઇ જાઉછું આવી રીતે સત્ય કહેવાથી ચોરોયે તેને છોડી મૂકયો; આવીને વેશ્યાને અર્પણ કરવાથી વેશ્યાએ પણ તત્કાળ સ્નાન કરી કાંબલ વડે અંગ લુંછી ખાળમાં ફેંકી દીધું; મુનિયે કહ્યું હે ! મુગ્ધે હે ભોળી આતે શું કર્યું ? મહા કષ્ટે આણેલ રત્ન કંબલને ફેંકી દીધું; ત્યારે વેશ્યા બોલીકે તમોયે શું કર્યું ને શું કરવા તત્પર થયા છો ! આ કાંબલનું લક્ષ મૂલ્ય છે પણ તમોયે તમારા અમૂલ્ય એવા પંચ મહા વ્રતને—મહા મહેનતે પ્રાપ્ત થયેલા તેને તમોયે ફેંકી દીધા છે; આવી રીતે કહેવાથી લજ્જા વશ થઇ શીઘ્ર બોધ પામી વેશ્યાને ખમાવી ગુરૂ પાસે જવા નીકલ્યો.

ત્યારે વેશ્યા પણ મુનિને ખમાવી બોલી કે મહારો અપરાધ ક્ષમા કરજો રાજાની આજ્ઞાના વશવર્તી પણાથી તેમણે આપેલા પુરૂષને છોડી શિવાય બીજા પુરૂષોના મેં પચ્ચખાણ કર્યા છે (અર્થાત્ તે પુરૂષ શિવાય મહારે સદા શીયલ વ્રત પાળવું) આવો નિયમ મેં સ્થુલિભદ્ર મહારાજ પાસે અંગીકાર કર્યા છતાં પણ આપને ચોમાસામાં જીવ વિરાધના તથા કલેશ કરાવ્યો માટે ક્ષમા માગુ છું; આવી રીતે વેશ્યાયે બોધ કરેલો મુનિરાગને ત્યાગ કરી ગુરૂ પાસે જઇ સ્થુલીભદ્રની પ્રશંસા કરવા લાગ્યો.

यत :

स्थुलभद्र: स्थुलभद्रः सएकोऽखिलसाधुषु;
युक्तं दुष्कर दुष्कर कारको गुरुणा जगे ॥ १ ॥

**ભાવાર્થ**—સ્થુલિભદ્ર! સ્થુલિભદ્ર તેજ સમગ્ર સાધુને વિષે શિરોમણિ છે અને ગુરૂ મહારાજે દુષ્કર દુષ્કર કાર્ય કરવાવાલા થયા છો આવું જે તેમને કહ્યું તે બરાબર યુકતજ છે.

**વિવેચન**—અહો અહો મહાત્મા સ્થુલિભદ્ર મહારાજનેજ ધન્ય છે કે જેના સાથે બાર વર્ષનો પૂર્ણ સંબંધ તથા કામ કળાને વિષે કુશળ એવી વેશ્યાના હાવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવથી પણ. જેનો રોમમાત્ર ક્ષોભને પામ્યો નહિ આવા મહાત્મા સ્થુલિભદ્રને કોટી કોટીવાર નમસ્કાર કરીએ તો પણ થોડુંજ છે. વળી જે વેશ્યાની ચિત્રશાલા કે જેને વિષે ચિત્રેલા ચિત્રને દેખી ગમે તેવા જિતેંદ્રિયને પણ ક્ષોભ થયા વિના રહે નહિ તેવી ચિત્રશાલામાં વાસ કરી નિરંતર ષટ્ રસનો આહાર કરવો તેમાં પણ કામ વૃદ્ધિ કરનારી ચોમાસાની ઋતુ વેશ્યાનું દેવાંગના જેવું રૂપ તથા નાના પ્રકારના વસ્ત્રાલંકાર આભૂષણોને ધારણ કરી નાટારંભનું કરવું પૂર્વે ભોગવેલા ભોગોને પ્રગટ કરવા હાવ ભાવ તથા કટાક્ષનું ફેંકવું આ સર્વ એકજ સાથે શરૂ હોવાથી પણ સ્થુલિભદ્ર મહારાજ જરાપર વિષયાધીન થયા નહિ. તેજ મહાત્માયે દુષ્કર દુષ્કર કાર્ય ખરેખર સત્યજ કરેલું છે. જે વેશ્યારૂપી અગ્નિના સ્થાનમાં પેઠા છતાં પણ બલ્યા નહિ; જે વેશ્યા રૂપી મશાની કોટડીમાં પેઠા તો પણ કાંઇ પણ ચિન્હ [લાંછન] વાળા થયા નહિ; જે વેશ્યા રૂપી ભરસમુદ્રને વિષે પડયા તો પણ ડુબ્યા નહિ, આવાજ આવાજ સ્થુલિભદ્ર મહાત્માનેજ ધન્ય છે. જે ચોવિશીમાં તીર્થંકરો થાય છે તેમના નામ એક બે ચોવિશી સુધી રહે છે. પણ આ મહાત્માએ મહાદુષ્કર કાર્ય કરવાથી ચોરાશી ચોવિશી સુધી તેમનું નામ રહેશે એવા સ્થુલિભદ્ર મહારાજને હું વારંવાર નમસ્કાર કરૂં છું.

આવી રીતે સ્થુલિભદ્ર મહારાજની પ્રશંસા કરતો ઇર્ષ્યા છોડી દઇ લજ્જા વાળો થઇ પાપને આલોચી પડિક્કમી ફરીથી ગુરૂ મહારાજ પાસે વ્રતને અંગીકાર કરી દુષ્કર તપ તપવા લાગ્યો.

આવી રીતે ઇર્ષ્યાથી કરેલો ધર્મ પણ મહા ફળને આપવા વાળો થાય છે તો હે મહાનુભાવો ! ઇર્ષ્યાને સર્વથા દેશવટો આપી ધર્મ ધ્યાન કરવાથીજલ્દી નિર્વાણ સુખ (મુકિત) મળે તેમાં આશ્ચર્ય નથી માટે ઇર્ષ્યાને છોડી સ્વસ્વભાવમાં મગ્ન થઇ પરભાવમાં પ્રવેશ કરવો છોડી દઇ ધર્મ ધ્યાન કરવું તેજ મનુષ્ય જન્મનું સાર્થક છે; અલંવિસ્તરેણ.

इति इर्ष्या उपर सिंहगुफास्थायि साधु द्रष्टांतः संपूर्णः

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દાનવીર રત્નપાળ.

(ગતાંક પૃષ્ટ ૧૦૭ થી શરૂ.)

**રત્નમાળ ને વનમાં હેમાંગદ નામના વિદ્યાધરનો મેળાપ.**

તેણે પલંગમાંથી ઉઠી ચારે તરફ વનનું નિરીક્ષણ કરવા માંડયું તેવામાં એક મહાન્ પર્વત જોવામાં આવ્યો; હળવે હળવે તે પર્વત ઉપર ચડયો અને ત્યાં કૌતુકથી વનની શોભા જોવા લાગ્યો, તેવામાં એક વૃક્ષના મૂલમાં બાંધેલો સુંદર પુરૂષ તેની દ્રષ્ટિએ આવ્યો. રત્નપાળને જોતાંજ દયા આવી અને તત્કાળ તેણે તેના બંધ કાપી નાંખ્યા પછી તે પુરૂષ નમન કરી સામે ઉભો રહ્યો; રત્નપાળે પુછયું તું કોણ છે? અને તને અહિં કોણે બાંધ્યો હતો? તે કહે.

**હેમાંગદ વિદ્યાધરે કહેલો પોતાનો વૃત્તાંત.**

તે પુરૂષ બોલ્યો. વૈતાઢય પર્વત ઉપર **ગગનવલ્લભ** નામે નગર છે તેમાં ઇદ્રના જેવો બળવાન્ **વલ્લભ** નામે એક વિદ્યાધર છે તેનો **હેમાંગદ** નામે હું પુત્ર છું. હે મિત્ર, હું નંદીશ્વર દ્વીપમાં રહેલા જિન ભગવંતને વંદના કરવા માટે મારી પ્રિયા સાથે જતો હતો તેવામાં રાક્ષસી વિદ્યાના બલથી ઉન્મત્ત થયેલો કોઇ વિદ્યાધર મને આ ઠેકાણે મલ્યો તે મને આ વૃક્ષના મૂળ સાથે બાંધી મારી પ્રિયાને બલાત્કારે હમણાજ હરી ગયો છે; હે પ્રાણદાયક, હે જગદ્ વીર, મને મદદ કરો જેથી હું તે શત્રુને જીતી મારી પ્રાણેશ્વરીને પાછી મેળવું."

આ પ્રમાણે વિદ્યાધર હેમાંગદ રત્નપાળને પ્રાર્થના કરતો હતો તેવામાં જાણે મૃત્યુએ આકર્ષ્યો હોય તેમ પેલો રાક્ષસ વિદ્યાધર ત્યાંજ આવી ચડયો; તેને જોતાંજ રત્નપાળ બોલ્યો "અરે પરસ્ત્રીલુબ્ધ પાપી? આ વખતે તારા ઇષ્ટ દેવને સંભારી લે. દુરાત્માઓને શિક્ષા કરનાર આ રત્નપાળ તને મલ્યો છે" આ પ્રમાણે કહેતાંજ તે વિદ્યાધર સામો આવ્યો તેમની વચ્ચે ખડ્ગાખડ્ગી યુદ્ધ ચાલ્યું; ચિર કાલે રત્નપાળે તેને હરાવ્યો એટલે તે ભયપામી જીવ લઇને નાશી ગયો. આ પ્રમાણે રત્નપાળે હેમાંગદનો અર્થ વાણીથી કહ્યા વિના કરી દીધો; સાધુ પુરૂષો પોતાની ઉપયોગિતા ફળથીજ કહી બતાવે છે; હેમાંગદ પોતાની પત્નીને મેળવી ખુશી થયો અને તેણે રાજા રત્નપાળને કહ્યું કે, "કારણ વિના ઉપકાર કરનારા તમારૂં હું શું ઇષ્ટ કરૂં? રત્નપાળે કહ્યું, મિત્ર, મારે કાંઈ પણ જોઇતું નથી તું તારી પ્રિયાને લઇ તારા નગરમાં જા અને ત્યાં ચિરકાળ સુખ ભોગવ્ય; ઉપકાર કરવાને યોગ્ય એવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનુષ્યનો ઉપકાર કરી જેઓ પાછા તેના ઉપકારની આશા રાખનારા છે, તેઓમાં જે મનુષ્યત્વ છે તે વિધાતાની વૃદ્ધાવસ્થાની વિક્રિયારૂપ છે અર્થાત્ તેનામાં મનુષ્યત્વ છેજ નહીં" રાજા રત્નપાળની આવી નિઃસ્પૃહતા જોઇ પ્રસન્ન થયેલા હેમાંગદે તેની ઇચ્છા નહીં છતાં બલાત્કારે સર્વ વિષને નાશ કરનારૂં એક ઔષધિવલય રત્નપાળને આપ્યું; પછી હેમાંગદ રજા લઇ પ્રિયા સાથે પોતાના નગર તરફ ચાલ્યો ગયો.

**એક વિદેશી શ્રાવકની બરદાશ.**

રાજા રત્નપાળ પછી હળવે હળવે તે પર્વત ઉપરથી નીચે ઉતર્યો અને જ્યાં પોતાનું મૂલસ્થાન હતું ત્યાં આવ્યો તેવામાં દીન અને અનાથ કોઇ એક વિદેશી શ્રાવક પર્ણકૂટીમાં અતિગ્લાન અવસ્થામાં પડેલો તેના જોવામાં આવ્યો; દયાર્દ્ર હૃદયવાળા રત્નપાળે વિવિધ જાતના ઔષધ અને પથ્ય ઉપાયોથી ત્રણ દીવસ સુધી તે અનાથ શ્રાવકની ધર્મ બુદ્ધિએ બરદાસ કરી તે વિદેશી શ્રાવકનું આયુષ્ય નહતું, તેથી છેવટે રાજાએ તેના અંત્ય સમયનું સર્વ પુણ્ય કામ બજાવ્યું; સમાધિથી મૃત્યુ પામી તે વિદેશી શ્રાવક સ્વર્ગમાં એક મહાન્ દેવતા થયો.

**રત્નપાળને રત્નવતી રાજ કન્યાનો લાભ.**

પ્રાતઃકાળે રત્નપાળે ત્યાંથી ચાલી નગરમાં પ્રવેશ કર્યો તેજ વખતે રાજમાર્ગમાં જતાં એક જાહેર પટહોદ્ઘોષણા આ પ્રમાણે તેના સાંભળવામાં આવી "હે મંત્ર અને તંત્રાદિ જાણનારા પુરૂષો? આ નગરીના રાજા **બળવાહન**ની પુત્રી રત્નવતીને રાત્રે દુષ્ટ સર્પે ડશેલી છે, વિવિધ જાતના ઉપાયો કરવામાં આવ્યા છતાં તેણીને કાંઇ પણ ફાયદો થયો નથી તે હાલ નિશ્ચેષ્ટ થઇ મરણાવસ્થામાં આવી પડી છે; જે કોઇ મંત્ર, તંત્ર અને ઓષધીના બળથી તેણીને જીવાડશે તેને રાજા બળવાહન પોતાનું અર્ધ રાજ્ય અને તે કન્યા આપશે" આ જાહેર ઘોષણા સાંભળી અપાર કરૂણાવાળા રાજા રત્નપાળે નિઃસ્પૃહ છતાં પણ તે ઘોષણાના પટહનો સ્પર્શ કર્યો. તત્કાળ તેને રાજા બળવાહનની સભામાં લઇ જવામાં આવ્યો. અનુપમ આકૃતિવાળા રત્નપાળને જોતાંજ રાજા બળવાહનના હૃદયમાં આવ્યું કે આવી સુંદર આકૃતિમાં કોઇ શુદ્ધ સામર્થ્ય ઘટે છે" પછી રાજાએ આદર આપી પોતાની પુત્રી રત્નવતીને બતાવી. સ્ત્રીઓમાં અને રાજ દરબારમાં આડંબરો પૂજાયછે એવું ધારી રત્નપાળે પ્રથમ વિવિધ જાતનો આડંબર કર્યો; પછી પેલી હેમાંગદે આપેલી ચમત્કારી ઔષધીના રસથી રાજકન્યાનું વિષ દૂર કરી દીધું; તત્કાળ રાજ કન્યા સજીવન થઇ; આથી રાજા બળવાહન ઘણોજ હર્ષિત થઇ ગયો. હું આ પુરૂષનું કુળ વગેરે જાણુતો નથી એવું વિચારતાં હૃદયમાં જરા ખેદ થયો પણ વચનથી બંધાએલા રાજા બળવાહને રત્નપાળને પોતાનું અર્ધું રાજ્ય અને પુત્રી રત્નવતી આપી.

**અપૂર્ણ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અઢાર પાપસ્થાનક ચાલુ.

[ અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૧૦૧ થી ]

## " ત્રીજું અદત્તાદાન પાપસ્થાનક. "

[ વ્હાલા વેગે આવોરે દયા દિલ લાવોરે......એ રાગ. ]

ત્રીજું પાપનું સ્થાનરે, તજો અદત્તાદાનરે, પરધન પથ્થર માનીયે હો જી.
એ વ્યસને જગ ચોર નિષ્ઠુર ગણાય૦......................ત્રીજું૦(એ ટેક.)

સાખી.

ખુણે ખાંચરે આંગણે વાટ ઘાટ બજાર;
પડી વસ્તુ કદિ પારકી ગ્રહો નહિં તલભાર.

શકદાર થતા બહુ હાનિરે૦ .... .... .... .... .... પરધન૦ ૧

સાખી.

આ ભવ પરભવ દુઃખ ઘણા રૌદ્ર ધ્યાન બહુ થાય;
વિત્ત અન્યાય ટકે નહિં દાળિદ્ર રે દિલમાંય.

પાપ અમાપ હયો માનીરે૦ .... .... .... .... .... પરધન૦ ૨

સાખી.

જિમ જલમાં નાખ્યો થકો તળે જાય અયઃ ગોલ;
ચોર કઠોર કરમ કરી પામે નરક નીટોલ.

નિઃસંદેહ તજો નાદાનીરે૦ .... .... .... .... .... પરધન૦ ૩

સાખી.

મુગ્ધ લોક ઠગવા ભણી, કરે અતિ ચતુરાઇ;
કુડે કાટલે આપતા કરિ ભેળ સેળ હરખાઇ.

હાંશલમાં તરતી વાનીરે૦ .... .... .... .... .... પરધન૦ ૪

સાખી.

નાઠ્યું પડયું વળી વિસર્યું થાપણ રાખ્યું જેહ;
લુણી થરો તાણી જતાં આખર આપે છેહ.

છાની ગાંઠ તજો સહુ પ્રાણીરે૦ .... .... .... .... પરધન૦ ૫

સાખી.

હકક છિનવો નહિં કોયના રંક હોય કે રાય;
લાંચ ખુશામતમાં પડી કરો નહિં અન્યાય.

તજો દાણ ચોરી સહુ પ્રાણીરે૦ .... ... .... .... પરધન૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાખી.

ચોરી વ્યસન તજી દેવતા ચોર રોહણીયો થાય;
વ્રત ગ્રહી સુર સુખ ભોગવે પુરવ પુન્ય પસાય.
કરો ન્યાયથી દ્રવ્ય કમાણીરે૦ .... .... .... .... પરધન૦ ૭

સાખી.

પરધન હરતા પારકા પ્રાણ અતિ દુઃભાય;
હિંસક લેનારા ઠરે અનુભવથી અંકાય.
રહી જાશે "દુર્લભ" કહાણીરે૦ .... .... .... .... પરધન૦ ૮

લેખક,
દુર્લભજી વિ૦ ગુલાબચંદ મહેતા.
વળા.

## "સૃષ્ટિનાં જીવન્ત દશ્યો."

પ્રાણી માત્રના વિકાસક્રમને અનુકૂળ તેમજ પ્રતિકૂળ, રૂપાંતર અને વિરૂપાંતર ભાવને પ્રાપ્ત થતા, સહજ અને કૃત્રિમ સ્વરૂપનો આવિર્ભાવ કરતા, અને વસ્તુની મૂળ સ્થિતિને જાણવાની પ્રેરણા કરતા ! જગતના સર્વ પદાર્થો ખાસ કરીને મનુષ્ય પ્રાણીઓને વિશેષ પ્રકારે ઉદ્બોધન કરી રહ્યા છે. જો કે મનુષ્યથી નિમ્ન કોટિવાળા તિર્યંચ પંચેંદ્રિય પ્રાણીને સૃષ્ટિના પ્રત્યેક પદાર્થ તેમના ક્ષયોપશમ પ્રમાણે જાગૃતિ કરે છે પરંતુ માનસિક બળને વિશેષ પ્રકારે સ્થૂળ સ્વરૂપમાં મૂકનારા મનુષ્ય વર્ગને તે અનેક ગણી જાગૃતિ અર્પે છે અને તે જાગૃતિ વડે ઉદ્યમદ્વારા પ્રગતિ કરનારા અનેક મનુષ્યો સ્વકર્તવ્ય સાધી ગયા છે અને હજી પણ તદનુકૂળ માર્ગને અનુસરનારાઓ સાધે છે અને સાધશે એ કારણ કાર્યની વિચાર પરંપરા વિચારતાં સુઘટિત છે; પરંતુ વિચારણાની માર્ગ પ્રતીક્ષા કરતાં સારભૂત તત્વ એ નીકળે છે કે મનુષ્ય પ્રાણીએ તે દ્રશ્યોથી પ્રબુદ્ધ થવું કે તે તરફ બેદરકારી રાખી તેને પ્રતિકૂળ દ્રષ્ટિએ અવલોકવાં એ તેણે ઉભય કર્તવ્યોનું જ્ઞાન તુલા વડે તોલન કરવું. મનુષ્યની દરેક દ્રશ્યને પ્રતિકૂળપણે ગ્રહણ કરવાની દ્રષ્ટિ, એ જડ દ્રશ્યોને જડરૂપે પ્રતીત કરવાની છે જ્યારે તે પદાર્થોને અંગે તેમજ તેના નિમિત્ત કારણથી મનુષ્યોનું ઉદ્બોધન થવું-સ્વાત્મ જાગૃતિ થવી એ- એકસો રૂપીઆની નોટના કાગળના ટકડાના સો રૂપીઆ રોકડા પ્રતીત કરીએ છીએ તેમ જડ દશ્યોને જીવંત તરીકે પ્રતીત કરવાની છે; આ એક અપૂર્વ કળા છે અને તે કળા પરત્વે આજે આપણે સંક્ષિપ્તમાં વિચાર કરવાનો હોઇ શાસ્રીય દ્રષ્ટિએ ઇષ્ટ ગણવામાં આપણે જરા પણ ભુલતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક નિગોદના જીવ કરતાં બાદર એકેંદ્રિયનો ક્ષયોપશમ-આત્મપ્રકાશ વિશેષ પ્રમાણમાં થયો હોય છે કેમકે ઉચ્ચતર સ્થિતિ પ્રાપ્ત થવી એ આત્મપ્રકાશની વૃદ્ધિના નિમિત્તભૂત છે. પ્રકાશની ઉત્ક્રાંતિ વડે આત્મા ઉચ્ચતર સ્થિતિ પ્રાપ્ત કરતો જાય છે. ક્રમશઃ બે ઇંદ્રિયનો ક્ષયોપશમ, ત્રણ ઇંદ્રિયનો ક્ષયોપશમ તેમજ ચાર ઇંદ્રિયજન્ય ક્ષયોપશમ એ આત્મપ્રકાશની ઉચ્ચતર સ્થિતિઓ છે તે કરતાં અધિક ઉચ્ચતર સ્થિતિવાળા મનોબળયુક્ત પંચેંદ્રિય તિર્યંચો જેવાકે સર્પ, અશ્વ, હાથી, શ્વાન વિગેરેની છે આ પ્રાણીઓ પોતાની નજીકમાં રહેતા અને પ્રાપ્ત થતા દ્રશ્યોના નિમિત્ત કારણ વડે રાગદ્વેષની શૃંખલામાં વીંટાતા જાય છે અને ઘણે ભાગે તે દ્રશ્યો તેમને સાનુકૂળ પ્રવૃત્તિ માર્ગમાં જોડી શકતા નથી! એ વિશેષે કરીને પાપ કર્મ વડે ઉત્પન્ન થયેલી તેમની ગતિને આભારી છે; છતાં પણ અશ્વ, શ્વાન વિગેરે પોતાના સ્વામીને માટે સંપૂર્ણ રીતે જીવજતાં સુધી પ્રાણની આહુતિ આપનારા હોય છે એ તેમની સાનુકૂળ પ્રવૃત્તિ જોઈ મનુષ્યે વિચારવાનું છે; અને પોતાની ભૂલ થતી હોય તો દ્રષ્ટાંત દ્વારા જાગૃત થવાનું છે.

મનુષ્ય પ્રાણીને માટે જડ દૃશ્યો રાગ અને દ્વેષની સ્થિતિની પરંપરા ઉત્પન્ન કરતા રહે એ કોઇપણ રીતે યોગ્ય નથી, છતાં મનુષ્યોનો મોટો ભાગ ખાસ કરીને નજીકમાં આવતા દૃશ્યો ઉપરથી ઉલટા પરિણામવાળી સ્થિતિને પ્રાપ્ત કરે છે. આને માટે કહેવાય છે કે:—

## पत्थरेणाहओ कीवो पत्थरं रूक्कुमिच्छई.

'શ્વાનને પથ્થર માર્યો હોય ત્યારે તે પત્થરને કરડવાને ઇચ્છે છે' આ સ્થિતિ પાસેના દૃશ્યો વડે હર્ષ શોકમાં ઝબકોળાતા મનુષ્ય વર્ગની છે. વાસ્તવિક રીતે નજીકના દૃશ્યો ઉપરથી હર્ષ શોક જેવું કશું હોતું નથી; માત્ર તે દૃશ્યો આત્મોદ્બોધન કરનાર નીવડે અને તેમાંજ પ્રયાસ કરવામાં આવે તોજ સફળતા છે.

એક મનુષ્ય તદ્દન નિર્ધન છે તેવામાં એકાએક પૂર્વ પુણ્યના પ્રકર્ષથી ધંધામાં તે સારૂં કમાયો અને થોડા વખતમાં તે શ્રીમંતની કોટિમાં આવતાં-તેવા સંજોગો પ્રાપ્ત થતાં તેને 'ધનમદ' થાય છે અને તુરતજ તેને પદાર્થ સંયોગના નિમિત્તથી એક પ્રકારનો મદ ગર્ભિત હર્ષ થાયછે; તેવીજ રીતે એક શ્રીમંત ક્ષણવારમાં નિર્ધન બની જાય છે ત્યારે તે દૃશ્ય શોક કરાવે છે. આ ઉપરજ જે જે દૃશ્યો પોતાના સંબંધમાં આવે તે ઉપર સંસાર વૃદ્ધિના નિમિત્તભૂત હર્ષ કે શોક થાય એ પૂર્વોક્ત શ્વાન તુલ્ય સ્થિતિ છે; પરંતુ આત્મવિકાસને અનુકૂળ હર્ષ થાય તો તેમાં તે દૃશ્યોએ યથાર્થ કાર્ય-ફળ ઉત્પન્ન કર્યું છે એમ કહેવું જરા પણ અવાસ્તવિક નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તુ સ્થિતિ આ પ્રકારે હોવાથી સ્ત્રીને દેખી ભોગલાલસામાં, મિત્રને દેખી સ્વાર્થસાધનામાં, ધન દેખી તેને પોતાનું કરી લેવાની ઇચ્છામાં, શત્રુને દેખી તેનો પ્રાણ હરણ કરવાની તૈયારી કરવામાં–આ અને આવા અનેક દૃશ્યોના પ્રસંગોમાં મનુષ્ય તે તે દૃશ્યોના નિમિત્તથી સ્વપ્રવૃત્તિને પ્રતિકૂળ માર્ગમાં યોજે છે; આવી કોટિમાં મનુષ્યોનો મોટો ભાગ છે અને તેઓ દૃશ્યોને માત્ર જડ રૂપે પ્રતીત કરે છે અને તેમાંથી કાંઇ પણ નવીનતા–આત્મપ્રકાશ અધિકપણે પ્રાપ્ત કરી શકતા નથી. ઉલટું પ્રાપ્ત થયેલી સ્થિતિનો પણ અપકર્ષ કરે છે; આમ હોઇને દૃશ્યોને જીવંત રૂપે પ્રતીત કરવાની કળાથી તેઓ બેનસીબ હોવાથી ઇષ્ટ સન્માર્ગથી દૂરના દૂર રહે છે.

એક રમ્ય ઉપવન જોઇને ત્યાં સંસર્ગ વડે એક મનુષ્ય આનંદિત થાય છે, પર્વતની ઉંડી ખીણ જોઇને કુદરતની ગહનતા નિહાળે છે, સરોવરનું શાંત અને નિર્મળ જળ જોઇ હૃદયજન્ય થાકને ઉતારે છે, પક્ષિઓનું ઉડ્ડયન જોઇ નિસર્ગની ચમત્કૃતિના વિચારમાં પડે છે, ઘડીઆળ, વરાળયંત્ર, ગ્રામોફોન, વિદ્યુત્ વિગેરેનું સામર્થ્ય જોઇ આશ્ચર્ય ચકિત બને છે; આ અને તેવાજ બીજા દૃશ્યોથી પ્રાણી જો કે પ્રતિકૂળ પ્રવાહમાં તણાતો નથી પરંતુ માત્ર અમુક વખત સુધીની ક્ષણિક શાંતિ અનુભવે છે; જે ચિરસ્થાયી ન હોવાથી તે અને તેવાજ પ્રકારના દૃશ્યોથી થતા આત્માનુભવની કળા પ્રાપ્ત કરવાની અનિવાર્ય આવશ્યક્તા છે જે ચિરકાળ સુધી શાંતિ સમર્પે છે અને શાશ્વતપણે આત્મપ્રકાશનું અદ્ભૂત દર્શન કરાવે છે. જગત્ના સર્વ દૃશ્યો જે જે આત્માઓને સંસાર વૃદ્ધિના કારણભૂત જ્યાં સુધી બને તે સર્વ દૃશ્યો જડ રૂપે પ્રતીત થયા ગણાય છે; જ્યારે તેના તેજ દૃશ્યો આત્મોદ્બોધન કરાવે તો જીવંતરૂપે પ્રતીત થયા ગણાય છે. વસ્તુ સ્વરૂપને યથાર્થ સમજવાને ઇચ્છનાર રમ્ય ઉપવનમાં વૃક્ષ ઉપરથી ખરી પડતા ફુલો ઉપરથી જીવનની ક્ષણિકતા વિચારે, સરોવરના જળની ચંચળતા ઉપરથી પોતાના આયુષ્યની ચંચળતાનું અનુમાન કરે, વિદ્યુત્ વિગેરેની શકિતઓ કરતાં આત્મશક્તિ અનેકગણા સામર્થ્યવાળી છે તેવું પ્રતીત કરે; એવી રીતે પ્રત્યેક દૃશ્ય ઉપરથી જીવનની મહત્વતાની કોટિ ઉપર આરૂઢ થાય અને પ્રત્યેક દૃશ્યના સ્વરૂપને આત્માના લાભાલાભ સાથે ઘટના કરે. આવા પ્રકારની અપૂર્વ કળા મનુષ્ય પ્રાણીએ પ્રાપ્ત કરવી એ કાંઇ નાની સૂની વાત નથી પરંતુ દીર્ઘ વિચારણા, દીર્ઘકાલીન સંસ્કારો અને શાસ્ત્રીય રીતે મનનું દીર્ઘ મર્યાદામાં ખેડાણ પછીજ પ્રાપ્ત થાય છે. જેઓએ આ દિશામાં જઇ આ કળા પ્રાપ્ત કરી લીધેલી છે, તેઓએ દૃશ્યોને જીવન્ત બનાવેલા છે; એમ કહેવું જરા પણ અતિશયોક્તિ ભરેલું નથીજ.

એક અત્યંત દુર્ગંધથી પરિપૂર્ણ સ્થાનમાં એક મનુષ્ય જઈ ચડયો પછીથી તે દૃશ્ય જોઇ વિચારે કે આ ધારણ કરેલું શરીર તેવાજ દુર્ગંધથી ભરેલું છે તો ' અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુચિ ભાવના ’ ને પુષ્ટિકર આ સ્થાન નિમિત્તભૂત થયું છે તેવી ભાવનાવાળા, તેમજ ઘરમાં સ્વજનનું મૃત્યુ થતાં આત્માનો કર્મ પ્રકૃતિ સાથે સંબંધ હોય ત્યાં સુધી પ્રત્યેક પ્રાણીને મૃત્યુ છેજ એવું ભાન લાવી આત્માને તે સંજોગોને શોકમય આધીન નહીં થવા દેવાવાળા તે તે દૃશ્યોને જીવન્ત બનાવવાની કળાવાન્ કહેવાય છે અને તેઓજ આ ક્ષણિક ઉપભોગવાળા સંસારમાં સ્વકર્તવ્ય પૂર્ણપણે સાધી જાય છે.

અનુભવીઓના કહેવા પ્રમાણે દરેક મનુષ્યે શુભ દૃશ્યો તરફ જોતાં શીખવું જોઇએ-અભ્યાસ પાડવો જોઇએ. કેમકે અનાદિ કાળથી આ પ્રાણીને અશુભ દૃશ્યો તરફ જોવાની ટેવ પડી ગઇ છે, અગર અશુભ દૃશ્યોના સંસ્કારથી શુભ દૃશ્યોમાં પ્રતિકૂળપણાનું આચરણ કરે છે; આથી શુભ દૃશ્યોનો સંસર્ગ એ અનાદિ ટેવવાળી નિવિડ શૃંખલાને ક્રમશઃ તોડે છે અને પછીથી માનસિક બળ વિસ્તીર્ણ અને ઉદાર થવાથી શુભાશુભ દૃશ્ય ગમે તે પોતાની સમીપ દેખાય તો પણ સ્વમાર્ગથી તે પ્રાણી ચ્યુત થતો નથી; આ સ્થિતિ તે અશુભ કે શુભ દૃશ્યોને જીવન્ત કરવાની અમોઘ કળા છે.

સદ્‌ગુરૂઓનો ઉપદેશ એપણ વચન પરમાણુઓનું દૃશ્ય છે જેવડે આત્મોદ્બોધન સત્વર થઇ શકે છે. જિન પ્રતિમા પણ એક દૃશ્ય છે, જેના આલંબનથી સંસ્કારી મનુષ્યો તે પ્રતિમામાં સાક્ષાત્ જિનેશ્વરને જુએ છે અને તે દ્વારા પોતાના આત્માને આલંબનના સતત્ સંસ્કારો પછી અભેદ અવસ્થામાં મૂકે છે. અનેક પ્રાકૃત મનુષ્યોને તે જડ પાષાણની પ્રતિમા રૂપે દૃષ્ટિગોચર થાય છે; પરંતુ સંસ્કારી જનોને તે દૃશ્યની જીવન્તતા પુરવાર થાય છે કેમકે તે વસ્તુદ્વારા તેનો આત્મા શુદ્ધ કોટિમાં દાખલ થતો હોય છે અને પૌદ્‌ગલિક-જડ સંસ્કારોનો ભોગ થઇ પડેલા આત્માને ચૈતન્યના શુદ્ધ સંસ્કારો પ્રકટ કરાવી આપે છે; શાસ્ત્ર પછી તે લખાયલું કે છપાયલું ગમે તે પ્રકારનું હોય તે પણ એક દૃશ્ય છે. તે પ્રાણીઓને ઉત્તમ માર્ગમાં ચાલવાની સૂચના કરે છે. તેજ શાસ્ત્ર પ્રતિકૂળ દૃષ્ટિએ જોનારને અધો માર્ગમાં ગમન કરાવે છે. મહાપુરૂષના ગુણગાનને અનુકૂળ સંગીત અથવા વિષયવાસનાને ઉત્તેજક સંગીત ઉભય પ્રકારે મનુષ્યોના હૃદયને હચમચાવે છે. સંગીતનું પ્રથમ દૃશ્ય આત્માને મહાપુરૂષની કોટિમાં મૂકે છે જ્યારે અન્ય દૃશ્ય તેને હલકી કોટિમાં ઉતારી પાડે છે. આ ઉપરથી શુભ અને અશુભ સ્થિતિઓમાં ઓતપ્રોત કરવા એ દૃશ્યોનું સામર્થ્ય છે. સંક્ષિપ્તમાં જો તે દૃશ્યો પ્રાણીઓને આત્માની જાગૃતિ કરાવી આપે તો તે વાસ્તવિક રીતે જીવન્ત દૃશ્યો છે, અન્યથા તે જડ હતા અને છે.

પ્રત્યેક દૃશ્ય મનુષ્યને ગુણદૃષ્ટિ અને દોષદૃષ્ટિ ઉદ્‌ભવાવે છે, એ આ ઉપરથી સ્વતઃસિદ્ધ થાય છે; સનત્કુમાર ચક્રવર્તીને પોતાનું જે સુંદર રૂપ અહંકાર કરાવનાર બન્યું હતું તે દૃશ્ય કાળક્રમે વિરૂપાંતર ભાવને પામતાં તેમને પોતાનેજ ક્ષણવિનાશી તરીકે ભાસ્યું હતું; આ દૃશ્ય અને તેથી થતાં પરિણામોના દૃશ્યોનો પ્રભાવ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલેકે પાછળથી તેમના વસ્તુ સ્વરૂપને ઓળખવાની કળા પ્રાપ્ત થઇ હતી અને દ્રશ્યને શુભયોગમાં પરિણામ પમાડવાની તે કળા વૃદ્ધિ પામી હતી. મહાપુરૂષોના જીવનચરિત્રો અને ઇતિહાસ એ માનવ જીવન ઉપર પ્રબળ અસર કરનાર દ્રશ્ય છે. ઇતિહાસ વડે આપણે આત્મપ્રબોધન કરી સત્પુરૂષોની સ્તુતિ કરવા તત્પર બનીએ છીએ. આપણે સંસ્થાઓ સ્થાપી તે દ્વારા જનહિતના કાર્યો હાથ ધરવા તત્પર બનીએ છીએ અને મહાપુરૂષોના જીવનનું અનુકરણ કરવા પ્રગતિમાન્ થઇએ છીએ; આ સર્વ તે દ્રશ્યને અને તેથી પ્રાપ્ત થયેલી વેગવતી કળાને આધીન છે.

પૂર્વોક્ત સર્વ પરિસ્થિતિઓ કલ્પના શકિતને કેળવવાની કળાના પરિણામ રૂપ છે એ નિર્વિવાદ સત્ય છે. કારણકે જ્યારે કલ્પના શકિત કેળવાય છે, અને તે શુભ માર્ગભણી સંચરતી હોય છે, ત્યારે અપૂર્વતા પ્રકટે છે, અને અપૂર્વતા પ્રકટવાની આપણી ઇચ્છામાં આવે તે સમયે આપણા પરિવેષ્ટનો ( Environments ) અને આપણી અમાનુષી વલણોને કબજે કરવાને આપણે સમર્થ થઇએ છીએ. સામાન્ય પંકિતના મનુષ્ય મટીને ઉંચી પંકિતના મનુષ્ય થવાની અને જીવનના, સામર્થ્યના અને સિદ્ધિના નવા અને અધિક વિશાળ ક્ષેત્રમાં પ્રવેશવાની ઇચ્છા પ્રાપ્ત કરી, શકિત અને અનુકૂળતા પ્રમાણે પ્રત્યેક દ્રશ્યમાં આત્માને લાભકારી જીવન્તપણું પ્રતીત કરવા ઉત્સુક રહેવું જોઇએ. શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય વદે છે કેઃ—

येन येनह्युपायेन युज्यते यंत्रव्यूहकः ।
तेन तन्मयतां याति विश्वरूपोमणिर्यथा ॥१॥

'જે જે ક્રિયામાં ચાલક ઉપાયને જોડે છે, તે તે ક્રિયા તેવાજ રૂપની બને છે; જેમ સ્ફટિક રત્ન પાસે ગમે તે રંગનો પદાર્થ રાખવાથી તે તેવાજ રંગથી રંગિત દેખાય છે,' પરંતુ આ સ્ફટિક મણિનો સ્વભાવ ચાલકે તજી સ્વરૂપનો આવિર્ભાવ જગત્ તરફ વિસ્તારવાની જરૂર છે, અને તેજ યંત્રવ્યૂહકની ખૂબી છે. શ્રી ભરત ચક્રવર્તી આરિસાભુવનમાં, કરકંડુજી વૃષભની જરાકુલ કાયા જોવાના નિમિત્તથી અને નમિરાજા સ્ત્રીઓના કંકણના ધ્વનિદ્વારા પ્રતિબોધને પામ્યા છે તે સુપ્રસિદ્ધ છે; તેઓએ અનુક્રમે આરિસાભુવનમાં, વૃષભમાં અને કંકણમાં જુદું સ્વરૂપ અવલોકયું છે અને તે ઉપરથી આત્માને જાગૃત કરી સ્વકર્તવ્ય સન્મુખ થયા છે તેજ બતાવી આપે છે કે તેમનામાં દ્રશ્યોને જીવંત કરવાની અપૂર્વ કળા હતી. અંતરાત્મપણું પ્રાપ્ત કર્યા શિવાય આ સ્થિતિ પ્રાપ્ત કરી શકાતી નથી. સર્વ દ્રશ્યોને સાક્ષીરૂપે અનુભવતો પ્રાણી આવા પ્રકારની સ્થિતિ ( Stage ) માંથી 'असारात्सारमुध्दरेत्' એ સૂત્રાનુસાર શુભાશુભ દ્રશ્યોને જીવન્ત–આત્મગુણને ઉપકારક બનાવે છે; બહિરાત્મભાવ યુક્ત પ્રાણીઓ પોતાની આસપાસના દ્રશ્યોથી ઉત્પન્ન થતા સંજોગોને આધીન થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે અંતરાત્માઓ તે સંજોગોને પોતાને સ્વાધીન કરે છે જેથી સૃષ્ટિના પ્રત્યેક દશ્યોને જીવન્ત કરવાની કળા પ્રાપ્ત કરવાની ચોક્કસ જરૂરીઆત છે અને સત્શાસ્ત્ર અનેક હિતપ્રદ દષ્ટાંતો દ્વારા ડિંડિમ વગાડીને તેમજ ઉપલક્ષેછે.

શા. ફતેચંદ ઝવેરભાઇ.
ભાવનગર.

# વિવિધ સદુપદેશ.

## ( સં—દલસુખભાઇ ગિરધરલાલ શાહ, માણેકપુરવાળા. )

—અનુસંધાન અંક ૪ થાના ૧૧૪ પૃષ્ટથી—

૨૬ ધર્મ રહિત પ્રાણી જીવતો હોય તોપણ તેને મરેલા જેવો માનવો, માટે સમજુ પુરૂષોએ પરભવમાં સ્હાય થવા સારૂ હંમેશાં ધર્મનો સંચય અવશ્ય કરવો જોઇએ.

૨૭ અર્થ કામ પણ ધર્મ વડેજ સાધવા જોઇએ; ધર્મજ વિજય આપનારો છે, ત્રણે લોકમાં ધર્મજ મુખ્ય છે.

૨૮ સત્ય એ નીતિ વર્તન, પ્રમાણિકપણું અને સ્વાતંત્ર્યનો સારભૂત છે. દુનિયાના દરેક મનુષ્યને સત્યની અવશ્ય જરૂર છે. માટે સત્ય બોલવાને કષ્ટ સહન કરવું પડે તો ઉત્સાહથી સહન કરજે, પણ અસત્ય બોલવાને લલચાઈશ નહિં.

૨૯ સો દુર્જનની સોબત કરતાં એક સજ્જનની સોબત વધારે હિતકારી છે. સદ્ગુણીથી ટંટો કરવો સારો પરંતુ મૂર્ખથી મિત્રાચારી કરવી સારી નથી.

૩૦ દીર્ઘ દૃષ્ટિ વાપરી આરંભ કરેલા સર્વ કાર્યોનું સંતોષકારક પરિણામ આવે છે.

૩૧ એકલા દૈવથી તેમજ એકલા પુરૂષાર્થથી મનુષ્યોનાં કાર્યો સિદ્ધ થતાં નથી, પરંતુ તે બન્નેના સંયોગથીજ સિદ્ધ થાય છે.

૩૨ શુભ આચરણો સેવીને થોડું જીવવું એ શ્રેષ્ટ છે; પરંતુ ધર્મ વિરૂદ્ધ આચરણો સેવીને હજારો વર્ષ જીવવું એ અત્યંત દુઃખકારક છે.

૩૩ જે મનુષ્ય જાણતાં અગર અજાણતાં કોઇ પણ પ્રાણીને દુઃખી કરતો નથી તેમજ સમસ્ત જીવોનું ભલું કરવાની ઇચ્છા હમેશાં રાખે છે તેજ મનુષ્ય આ લોક અને પરલોકમાં ઉત્તમ સુખ મેળવાને ભાગ્યશાળી થાય છે.

૩૪ આપણે બીજાઓનું ભલું કરવાની શુભાકાંક્ષા રાખીશું તો આપણું ભલું થવામાં વાર લાગવાની નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૫ જેનાથી અભિમાન પ્રાપ્ત થાય તેવું ધન મેળવવાને ઈચ્છા રાખતા નહિ. પણ જેનાથી ન્યાયસંપન્ન થવાય, સુખેથી સ્વપર કાર્ય ભોગવી શકાય તેમજ દાનાદિક ધર્મોમાં સંતોષથી આપી શકાય તેવું ધન મેળવવાને ઇચ્છા રાખજો

૩૬ હે મનુષ્ય ? તું અત્યારે તારી યુવાન અવસ્થામાં છતી સામગ્રી પ્રાપ્ત થયે છતે પણ ઉત્તમોત્તમ ચિંતામણિ રત્ન સદૃશ **જૈન ધર્મ**નું સેવન કરતો નથી, તો પછી વૃદ્ધાવસ્થામાં તો કયાંથીજ કરી શકીશ ?

૩૭ ઉત્તમ કુળમાં જન્મ થવા છતાં સદ્દગુણો પ્રાપ્ત ન થાય તે સ્તુતિકારક નહિ પરંતુ નિંદાજનક છે.

૩૮ અન્ય માણસોને ઉપદેશ દેનારા ઘણા મળી આવે છે; પરંતુ તે ઉપદેશ પ્રમાણે પોતે વર્તનારા કોઇકજ જણાઇ આવે છે.

૩૯ ધન ઓછું થઇ જવાથી મનુષ્ય ક્ષીણ થયેલો ન સમજવો પરંતુ સદાચારથી ભ્રષ્ટ થયેલોજ મનુષ્ય ક્ષીણ થયેલો સમજવો.

**વચનામૃત.**—સમતા એટલે કે મન ખામણે રાખવું અને ઉછળી જવું નહિ, એ સુખના વખતનો સદ્દગુણ છે. અને હિમ્મત અને ધૈર્ય રાખવાં એ દુઃખના વખતનો સદ્દગુણ છે; સુખ સાથે પણ ઘણાં ભય અને કડવાશ જોડાયલાં નથી એમ નથી; દુઃખ પણ કાંઇ દિલાસો અને આશા વગરનું હોતું નથી. આપણે ભરત અને ચિત્ર કામમાં જોઇયે છીયે કે ખુલતા રંગની ભોંય ઉપર ઘેરા ચિત્ર કરતાં, ઘેરા રંગની ભોંય ઉપર ખુલતા રંગનું ચિત્ર ઠીક દેખાય છે; જેવું નેત્રને રંગનું તેવુંજ હૃદયને સુખ દુઃખનું સમજી લેવું. ખરેખર સદ્દગુણ એ ઉંચા સુગંધી દ્રવ્ય ( ધૂપ–અગુરૂ ) જેવું છે. જેમ બળે અને કચરાય તેમ તેની સુગંધી વિશેષ. સુખ દુર્ગુણને ઠીક બહાર પાડે છે; દુઃખ સદ્દગુણને ઠીક બહાર પાડે છે.

લૉર્ડ બેકન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર અને સમાલોચના.

## પેથાપુરમાં પ્રતિષ્ટા મહોત્સવ ઉપર મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજનું આગમન.

ઉક્ત ગામમાં પ્રતિષ્ટા મહોત્સવ હોવાથી ત્યાંના સદ્દગૃહસ્થો બે ત્રણ વખત મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજને વિનંતિ કરવા પાલનપુર આવેલા; જેથી કારતક વદી ૨ ના રોજ વિહાર કરી વગદા મુકામે પધાર્યા હતા. જે વખતે શુમારે ૧૫૦૦) પંદરશેં શ્રાવક શ્રાવિકાએ તેમના દર્શનનો લાભ લીધો હતો. પ્રથમ મુકામે સાધર્મીવાત્સલ્ય સહિત પૂજા ભણાવવામાં આવી હતી ત્યાંથી અનેક ચૈત્યો જુહારતા માગશર શુદી ૫ ના દિવસે પેથાપુર પહોંચ્યા હતા. તે દિવસે ઘણુંજ ઠાઠમાઠ સાથે ઉક્ત મહાત્માનો ગામમાં પ્રવેશ થયો હતો. જે દિવસે ચૌદ દેરીઓના ધ્વજા દંડ અને શિખરોના કલશો ઉપર વાસક્ષેપ કર્યો હતો. શુદી ૬ ના રોજ ત્યાંના બાવન જીનાલયના દેરાની ઉપર બનાવેલ દેરીયોમાં તથા ભોંયરામાં પ્રતિષ્ટા કરવામાં આવી હતી. આ વખતે મુખ્ય શ્રી નેમિનાથ સ્વામીની દેરીમાં સંઘ સહિત મહારાજ શ્રી હંસવિજયજી વાસક્ષેપ કરવા ઉભા હતા. જે વખતે **શ્રી નેમિનાથ** સ્વામીની પ્રતિમાજીમાંથી **અમી—અમૃત** ઝરવા લાગ્યું હતું. આ ચમત્કારિક બનાવથી લોકો ઘણા હર્ષિત થયા હતા. આ મહોત્સવમાંથી શુમારે રૂ ૨૫૦૦ રૂપિયા પચીશેંહની ઉપજ દેવ દ્રવ્ય નિમિત્તે થઇ હતી. શુદ ૭ ના રોજ શ્રીમદ્પંન્યાસજી શ્રી સંપત્તવિજયજી મહારાજે પૂર્વોક્ત ગુરૂમહારાજ સહિત ચતુર્વિધ સંઘ સમક્ષ મુનિશ્રી વસંત વિજયજીને વડી દિક્ષા આપી હતી. અત્રે ઉક્ત મહાત્માઓના દર્શનાર્થે કલકત્તા નિવાસી બાબુ લક્ષ્મીચંદજી સીપાણી તથા મુર્શિદાવાદની શ્રાવિકાઓ પેથાપુર આવેલી હતી. શુદ ૯ ના દિવસે ઉક્ત મુનિરાજેએ મુનિશ્રી ઉત્તમ વિજયજી તથા શ્રી લલિત વિજયજી વગેરે મુનિરાજે સાથે વિહાર કરી ઇડર તરફ વિહાર કર્યો છે.

( મળેલું )

## એક પ્રખ્યાત સાધ્વીજીનો સ્વર્ગવાસ.

સાધ્વીજી કંકુશ્રીજીએ કારતક વદ ૧૪ ના રોજ બે ચાર દિવસની તાવની બીમારી ભોગવી એકાએક આ ફાની દુનિયાનો ત્યાગ કરી સ્વર્ગવાસ કર્યો છે. તેમણે સુમારે ૩૦ વર્ષ પર્યંત દીક્ષાનું પાલન કરવા પૂર્વક અમદાવાદ, વડોદરા, ઝઘડીયા, સુરત, નવસારી, બીલીમોરા, ગણદેવી, પાલીતાણા, ભાવનગર, વલ્લભીપુર અને પાટણ વિગેરે સ્થળોએ વિહાર કરી સારો ઉપકાર કરેલો છે. તેમની શિષ્યા અને પ્રશિષ્યાનો મોટો સમુદાય મોજુદ છે. શાંતિપ્રિય પરમોપકારી શ્રીમાન્ મુનિરાજ હંસવિજયજીના સંસારીપક્ષે આ સાધ્વીજી બહેન હતાં. તેઓ વડોદરામાં કાળ ધર્મ પામ્યા છે. આ દિવસે વડોદરામાં હડતાળ પાડવામાં આવી હતી; અને તેમના નિમિત્તે વડોદરામાં અઠ્ઠાઇ મહોત્સવ રચવામાં આવ્યો હતો. તેમના આત્માને ચિરકાળ શાંતિ મળો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**દિગંબર જૈન**—આ માસિકનો નવા વર્ષનો લગભગ વીશ ફારમનો દલદાર સચિત્ર અંક અમોને આ માસમાં મળ્યો છે. નવા વર્ષમાં ખુશાલી નિમિત્તે વર્તમાન પત્રોએ તેમાં ખાસ કરી જૈન માસિકોએ વાંચકો સમક્ષ નવી નવી પ્રસાદીઓ મૂકવા માંડી છે. આ પ્રયાસ ઘણોજ સ્તુત્ય છે; અને તે જૈન પ્રગતિને ઉપકારક છે. મુખપૃષ્ઠ ઉપર ષડ્લેશ્યાનું ચિત્ર કસાયલી કલમથી રચાયલું છે. આગળ ઉપર શ્વેતાંબરો તીર્થંકરની માતાને માટે જે ચૌદ સ્વપ્ન માને છે તે ઉપરાંત મીનયુગલ અને સિંહાસન મળી સોલ સ્વપ્નોનું ચિત્ર આલેખ્યું છે તે અને શ્રુતસ્કંધનું ચિત્ર સૂક્ષ્મ દૃષ્ટિથી જોનાર મનુષ્યને એક અચ્છું ઐતિહાસિક સાધન થઇ પડે તેવું છે. જિનવાણીની હીનાવસ્થાનું ચિત્ર આધુનિક જૈનાગમની અવદશા સૂચવે છે. આ રીતે ચિત્રો મનુષ્યોને ઉદ્બોધન કરનારા જીવન્ત દૃશ્ય હોઇ આવો પ્રયાસ ઉપકારક દૃષ્ટિએ ઇષ્ટ છે. લેખો પણ કેટલાએક બહુ મનનીય અને વિદ્વાનોની કલમથી લખાયલા છે. બહેન મગનના 'નવા વર્ષ માટેના બે બોલ' દરેક સન્નારીને અવશ્ય વાંચવા લાયક છે. મી. હર્બર્ટ વોરનનો interpretation of Jaina philosophy નો લેખ એક પાશ્ચાત્ય વિદ્વાન્ જૈન દર્શનને સમજાવવા કેટલો પ્રયાસ કરે છે તે જોઇ અંગ્રેજી વિદ્યાના અભ્યાસી જૈનોએ ધડો લેવાનું છે; જો કે તે લેખમાં અજ્ઞાતપણાનું પ્રાબલ્ય હોવાથી સમીચીનપણું નથી. લંડનથી મી. જગમંદર લાલ જૈનીનો લેખ Lord Mahavir's court માં જ્ઞાન અને ચારિત્રને બે શ્વેતસ્તંભો ચિતરી ઇંગ્રેજીના વાંચકોને ઠીક દિગદર્શન કરાવ્યું છે. મી. મોતીલાલ 'જૈન' નો Jain Logic નો લેખ ન્યાયના અભ્યાસીઓને માર્ગદર્શક છે; મી. મોહનલાલ દલીચંદનો 'આર્યદેશની સાહિત્ય સંપત્તિ' નામક લેખ શોધ ખોળ ઉપર સારૂં અજવાળું પાડે છે. તેમજ મી. લાલનનો 'સમભાવ સિદ્ધિ' નો લેખ શાંતિ પ્રિયતાનું દર્શન કરાવે છે. મુખ્યત્વે કરીને જે જૈન કોમની ઉન્નતિને માટે સતત વાંચનની આવશ્યકતા છે તેમજ જેમ તેમ ચિત્રો દ્વારા ઐતિહાસિક સત્ય રજુ કરવામાં આવે અને તે ઉપર ઘટતું વિવેચન કરી જન સમાજ સમક્ષ મૂકવામાં આવે તો જે લાભ દીર્ઘ કાળ પછી પ્રાપ્ત કરી શકાય તેમ માનવામાં આવે છે તે ઘણીજ ત્વરાથી પ્રાપ્ત કરી શકાય અને આ રીતે ઉન્નતિ માર્ગ સરલતાથી પમાય જૈન માસિકો આવા પ્રયત્નમાં પ્રેરાય તે જોઇ જૈન કોમે ખુશી થવા જેવું છે તેથીજ આ પ્રયાસ આદરને પાત્ર હોઇ અભિવંદનીયછે અમો આ માસિકનું અનુકરણ કરવા પ્રત્યેક જૈન પત્રને સૂચના કરીએ છીએ.

For Private And Personal Use Only